© IJCIRAS | ISSN (O) - 2581-5334
October 2020 | Vol. 3 Issue. 5

# ગુજરાતની કૃષિ અને ખેડૂતો ની સામાજિક આર્થિક સ્થિતિ

***Vinit R Singhaniya***

*Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad*

**પરિચય:**

કૃષિએ લેટિન Agriculturએ માથી લેવામાં આવેલો અંગ્રેજી શબ્દ છે, જેમાં Agar એટલે એક "ફિલ્ડ-ખેતર" અને Cultura નો અર્થ "વાવેતર" થાય છે, જેનો પૂર્ણ અર્થ 'જમીનનું ખેડાણ" થાય છે. આથી કૃષિ શબ્દનો મૂળ અર્થ "જમીન કે જમીનનું ખેડાણ" એવો થાય છે.

**સારાંશ:**

**ભારત એક કૃષિ પ્રધાન દેશ**

**કૃષિ ભારતીય અર્થતંત્ર માટે કરોડરજ્જૂ સમાન છે**

**ગુજરાતનું કૃષિ બજેટ-2018**

**ગુજરાતની કૃષિ સંપતિ- 1. ધાન્ય પાકો. 2. રોકડિયા પાકો. 3. અન્ય પાકો.**

**ગુજરાતનાં ખેડૂતોની હાલની સ્થિતિ**

**ખેડૂતોની આત્મહત્યા મામલે ગુજરાત 4 ક્રમે**

**શબ્દ-પરિચય:**

**રાષ્ટ્રીય આવક- એક નાણાકીય વર્ષમાં ઉત્પાદિત તમામ દેશની વસ્તુઓ અને સેવાઓની કિમત પ્રાપ્તિ**

**આજીવિકા- જીવન જીવવા માટે રોજીરોટી**

**પ્રારંભિક-શરૂઆત**

**તાત-પિતા**

**કૃષિક્ષેત્રનું રાષ્ટ્રનિર્માણમાં ઘણું પ્રદાન છે. ભારત એ કૃષિપ્રધાન દેશ છે. ગ્રામીણ ક્ષેત્રમાં અન્ય કોઈપણ આર્થિક ક્ષેત્ર કરતાં સૌથી વધુ લોકોને કૃષિક્ષેત્ર આજીવિકા પૂરી પાડે છે. વિશ્વબેન્કના એક અંદાજ મુજબ ભારતની 68% વસ્તી હજુ પણ ગ્રામીણ ક્ષેત્રમાં રહે છે. દુનિયાના વિકસિત અને અલ્પવિકસિત સૌ રાષ્ટ્રોએ કૃષિના મહત્વને સમજીને પોત-પોતાની ખેતીને વિકસાવવાના પ્રયત્નો કર્યા છે.**

**પ્રાચીન સમયમાં તે વખતના દેશોના સંદર્ભમાં ભારત એક સમૃદ્ધ, સુસંસ્કૃત અને આર્થિક દ્રષ્ટિએ સંપન્ન રાષ્ટ્ર હતું. તેની ખેતી સમૃદ્ધ ગણાતી હતી. આજે પણ કૃષિ ભારતીય અર્થ તંત્રનો મહત્વનો આધાર અને પ્રાથમિક અંગ છે. કૃષિ વિકાસં દ્વારા ઉધોગો અને વેપારનું ઉતરોતર વિકાસ સાધી શકાયો છે. આ દ્રષ્ટિએ ભારત માટે એ બાબત સાચી છે કે કૃષિ એ ઉધોગોની જનેતા છે. અને આર્થિક જીવનનો પાયો છે. જે નીચેની બાબતોને આધારે કહી શકીએ.**

1. **રાષ્ટ્રીય આવકમાં હિસ્સાની દ્રષ્ટિએ**
2. **ઉધ્યોગોને કાચો માલ પૂરો પાડવાની દ્રષ્ટિએ**
3. **માનવધન અને પશુધનને પોષણ આપવાની દ્રષ્ટિએ**
4. **રોજગારી સર્જનની દ્રષ્ટિએ**
5. **વિકેન્દ્રિત વ્યવસાયની દ્રષ્ટિએ**

ચાણક્યના મહાન ગ્રંથ જેને ચાણક્યનું અર્થશાસ્ત્ર કહેવાય છે જેમાં ચાણક્યે રાષ્ટ્રની કૃષિને "મેરુ દંડ" ગણાવીને રાષ્ટ્રનિર્માણમાં કૃષિનું મહત્વ આંકયું છે.

ગુજરાત બજેટ વર્ષ-2018ને રજૂ કરતાં નાણાપ્રધાન નિતિન પટેલે કૃષિક્ષેત્રે 6755 કરોડની ફાળવણી કરી છે અને કૃષિક્ષેત્રેના જોખમોને પહોચી વળવા પાક વીમા સહિત રૂ.1101 કરોડની જોગવાઈ કરેલ છે. ગુજરાત સરકાર ઝીરો ટકા વ્યાજે ખેડૂતોને લોન, ખેત તલાવડી બનાવવા 85 કરોડની જોગવાઈ, કૃષિ મહોત્સવ માટે 30 કરોડની જોગવાઈ, અને રાજ્યના 29 હજાર ખેડૂતોને ટ્રેક્ટર ખરીદવા 235 કરોડ સબસિડી, રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત 395 કરોડ, રસાયણિક ખાતર પૂરું પાડવા 28.50 કરોડ અને ગ્રામ્ય દૂધ ઉત્પાદક મંડળી અને તેના સભાસદ પશુપાલકોને વિવિધ સાધન સામગ્રી ખરીદી પર સહાય આપવા 36 કરોડની જોગવાઈ કરેલ છે. આ ઉપરાંત 500 કરોડની જોગવાઈ ખેડૂતોને ધિરાણ માટે કરવામાં આવી છે. સહકારી મંડળીના ડિજિટલાઈશેન માટે 70 કરોડ, શાકભાજી અને ફળો માટે પ્રાઇમરી અને એડ્વાન્સ પ્રોસેસિંગ સુવિધા માટે ફેડરેશનની સ્થાપના કરવા 30 કરોડ, પ્રેશર સિંચાઇ પદ્ધતિ માટે 15 કરોડ અને ટપક સિંચાઇ પદ્ધતિ માટે 750 કરોડની જોગવાઈ કરવામાં આવેલ છે,ભૂંડ અને નીલ ગાય પાકને નુકશાન ના પહોચડે તેના માટે ફેન્સિંગ વોલ માટે 200 કરોડની જોગવાઈ કરેલ છે. તેમજ કૃષિ વિકાસ યુનિવર્સિટી માટે 702 કરોડની ફાળવણી કરાઇ છે, જે કૃષિ શિક્ષણ અને સંશોધન પાછળ ખર્ચાશે.

ગુજરાતની કૃષિ સંપતિ :

ગુજરાતની આશરે 188 લાખ હેક્ટર જમીનમાં કૃષિ વાવેતર કરવામાં આવે છે, જેમાં મુખ્યત્વે ધાન્ય પાકો, રોકડિયા પાકો અને અન્ય પાકો લેવામાં આવે છે.

ધાન્ય પાકોમાં બાજરી, જુવાર, ઘઉં, ડાંગર, અને મકાઇનો પાક લેવામાં આવે છે, તેમાથી ઉત્પાદન અને વાવેતરના વિસ્તારની દ્રષ્ટિએ ગુજરાતમાં બાજરી પ્રથમ નંબરે છે. અને સૌથી વધુ બાજરી ઉત્પાદન કરતો જિલ્લો બનાસકાઠા છે. રોકડીયા પાકોમાં મગફળી, કપાસ, તમાકુ અને શેરડીનો સમાવેશ થાય છે. જેમાં મગફળીના ઉત્પાદન અને વાવેતરના વિસ્તારની દ્રષ્ટિએ ગુજરાત પ્રથમ નંબરે છે. તમાકુના ઉત્પાદન અને વાવેતરના વિસ્તારની દ્રષ્ટિએ ગુજરાત આંધ્રપ્રદેશ પછી બીજા નંબરે છે. અન્ય પાકોમાં કેળાં, જામફળ, કેરી, જીરૂં, વરિયાળીનો સમાવેશ થાય છે.

ગુજરાતનાં ખેડૂતોની હાલની સ્થિતિ:

ગુજરાતની ખેતી મુખ્યત્વે નાના ખેતરોમાં વહેચાંયેલી છે, તેમજ વરસાદ ઉપર આધારિત છે. ખેતીના ધંધામાં ટૂંકી જમીન મોટાભાગે નફાકારક રહેતી નથી. ખેડૂતોએ કૃષિક્ષેત્રે હવામાન, વરસાદ અને અન્ય પરિબળોની અનિશ્ચિતતા સામે સતત જજુમતા રહીને ખેત ઉત્પાદન કરવાનું હોય છે, તેમજ ખેડૂતોની સમગ્ર વર્ષ દરમિયા અન્ય બીજી આવકના સ્ત્રોત અપૂરતા હોય છે. આમ અનેક પરિસ્થિતિઓ અને સમસ્યાઓના કારણે ગુજરાતનો ખેડુત આઝાદીના આટલા વર્ષો પછી પણ ખૂબ કંગાળ અને દયનીય હાલતમાં જીવી રહ્યો જોવા મળે છે.
આ ઉપરાંત નીચે મુજબના અન્ય કેટલાક પરિબળો પણ તેમની આ સ્થિતિ માટે જવાબદાર છે.

1. ગુજરાતમાં કુલ ખેતી લાયક જમીનમાથી 60% જમીન વરસાદ આધારિત છે.
2. વાવણીથી લઇને લણણી, કાપણી, સંગ્રહ, અને પાક બજારમાં વેચાય તે દરમિયાન થતાં નુકશાનનું પ્રમાણ 35% સુધી જોવા મળે છે.
3. મોટા ભાગના ખેડૂત કુટુંબો પોતાના જીવન નિર્વાહ માટે માત્ર ખેતી પર જ આધાર રાખે છે.
4. એકપણ ખેત પેદાશના ભાવ ખેડૂતોને યોગ્ય મળતા નથી.
5. ખેડૂતોને ખેતી માટે માત્ર 8 કલાક વીજળી અને તે પણ રાત્રે અને તેમાં પણ પ્રાઈવેટ વીજ કંપનીઓની ઉઘાડી લૂટ કરતી જોવા મળે છે .

6. રોઝ-નીલ ગાયો અને અન્ય પશુ પક્ષીઓથી થતું નુકશાન.
7. ખાતર, બિયારણ અને જંતુનાશક દવાઓના ભાવ વધારાની ટકાવારી ખૂબ ઊંચી સામે ખેતપેદાશોના ભાવમાં નહિવત વધારો થાય છે.
8. સરકારના ટેકાના ભાવો પણ ક્યારેક યોગ્ય હોતા નથી અને તેમાં પણ મોટા પાયે ભ્રષ્ટાચાર થતો જોવા મળે છે.
9. નકલી બિયારણ અને નકલી જંતુનાશક દવાઓના ખુલ્લે આમ વેચાણથી ગામડાનો ખેડૂત છેતરાય રહ્યો છે.
10. મોટા ભાગે વરસાદ અનિયમિત અને અનિશ્ચિત પડે છે જેના કારણે પાક નિષ્ફળ જાય છે અને ખેડૂતો દેવાના ડુંગરોમાં દટાતા જાય છે.
11. ખેડૂતોના પાકની કિમત વેપારીઓ નક્કી કરે છે જ્યારે બાકીના બધા ઉત્પાદકોએ પોતાની વસ્તુની કિમત પોતે નક્કી કરે છે. ખેડૂતોની કંગાળ અને દયનીય હાલત માટેનું આ એક સૌથી ગંભીર અને મોટું કારણ છે. જેથી તે પોતાનો પાક બજારમાં વેચવા મૂકે ત્યારે સંગઠિત વેપારીઓ ઓછી કિમતો આંકે છે. અને તે જ વસ્તુઓ બજારમાં આવ્યા પછી વેપારીઓ તેના ખૂબ ઊંચા ભાવે લોકોને વેચે છે અને બધો નફો તે દલાલ કમાઈ છે.

પરિણામ ખેડૂતોની આત્મહત્યાઓ :

દેશમાં સૌથી સમૃધ્ધ ગણાતું રાજ્ય ગુજરાત અને તેના ખેડૂતો 7926 રૂપિયા અને વાર્ષિક 95112 રૂપિયા આવક મેળવે છે. જ્યારે આ કુલ ખેડૂતોમાથી 42.26% ખેડૂતો દેવાગ્રસ્ત છે. આ તમામ ખેડૂતોનું સરેરાશ દેવું 38,100 રૂપિયા છે. દેશના અન્ય રાજયોની સરખામણિમાં ગુજરાતનાં ખેડૂતોની આવક 12 માં ક્રમે છે. અને દેવામાં ગુજરાતનો 14 મો ક્રમ છે. ખેડૂતો માટે લાખ સુવિધાઓ અને સહાયની જાહેરાતો વચ્ચે પણ દેશના અન્ય રાજ્યની સરખામણીમાં ગુજરાતનાં ખેડૂતોની સ્થિતિ સારી તો નથી જ.

ગુજરાતની કુલ વસ્તીના 48 % લોકો એટલે કે, 58.71 લાખ કુટુંબો ગામડામાં વસે છે તેમાથી 39.30 લાખ કુટુંબો ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. એમાથી પણ 10.30 લાખ કુટુંબો આદિજાતિના, 1.52 લાખ કુટુંબો અનુસુચિત જાતિના છે. 19.56 લાખ કુટુંબો પછાત વર્ગના છે જ્યારે 7.91 લાખ કુટુંબો અન્ય સામાજિક વર્ગના છે.

સમગ્ર ભારતમાં 1995 થી 2015 સુધીમાં 3.18 લાખ ખેડૂતો એ આત્મહત્યા કરી છે, સરકારી આંક અનુસાર વાર્ષિક 12,602 અને દર 41 મિનિટે એક ખેડૂત આત્મહત્યા કરે છે. કેન્દ્રિય ગૃહ મંત્રાલયના આંકડા પ્રમાણે 'મોડલ સ્ટેટ' ગુજરાતમાં 2013 થી 2015ના વર્ષની વચ્ચે એટલે કે 3 વર્ષમાં 1483 ખેડૂતો એ આત્મહત્યા કરી.

દર વર્ષે કઇંક ને કઇંક એવી પરિસ્થિઓનું નિર્માણ થાય છે કે ખેડૂત સરખી વાવણી કરી શકતો નથી અને જો વાવણી થાય તો અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિથી પાક નિષ્ફળ જાય છે અને અંતે જે કાય થાય તેના ખેડૂતને પૂરતા ભાવ મળતા નથી અને તે વર્ષે ને વારશે દેવાના ભારણ નીચે ડૂબતો જાય છે અને અંતે કંટાળીને આત્મહત્યા કરવા પ્રેરાય છે.

ભારત એ વસ્તી વધારાની ગંભીર સમસ્યાથી પીડાતો દેશ છે. ભારતની વસ્તી દિન પ્રતિદિન કુદકેને ભૂસકે વધતી જાય છે, આ પરિસ્થિતિમાં જો કૃષિક્ષેત્રના વિકાસ પર યોગ્ય ધ્યાન દેવામાં નહીં આવે તો, ભારત દેશ એક મોટી ભયંકર આર્થિક, સામાજિક પરિસ્થિતિનો સામનો કરવા સક્ષમ નહીં રહે, અને ભારતની વિકસિત રાષ્ટ્ર નિર્માણની પ્રક્રિયામાં વિક્ષેપ આવશે. ભારતની કૃષિનો આ સમય ભારતના ખેડૂતો અને ગ્રામીણ સમાજ માટે અસહ્ય છે. ભારતનો ખેડુત દેવાદાર, દયનીય અને કફોડી હાલતમાં જીવી રહ્યો છે, એટલે જ ભારતના ખેડૂત માટે કહેવાયુ છે કે, " ભારતનો ખેડૂત દેવામાં જન્મે છે, દેવામાં જીવે છે અને દેવામાં જ મૃત્યુ પામે છે." જે મહાન રાષ્ટ્રે અને સંસ્કૃતિએ જગતને ખેતી કેમ કરવી તે શીખવાડ્યુ, જેને "જગતનો તાત" કહેવામા આવતો, તે કૃષિકાર આટલો દયનીય અને કંગાળ બની ગયો છે તે આપણાં કૃષિપ્રધાન ભારત દેશ માટે એક ગંભીર ચેતવણીરૂપ છે.

## REFERENCES

[1] કૃષિ અને સહકાર વિભાગ, ગુજરાત.

[2] કૃષિ અને સહકાર વિભાગ, કૃષિ સરકારી મંત્રાલય, ભારત.

[3] www.agri.gujarat.gov.in

**[4]** www.agriculture.gov.in